**જામકંડોરણાના મહે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**
**મુ.જામકંડોરણા, જી. રાજકોટ.**

**ફો.કે.નં. ૨૩૩/૨૦૨૫**
**આંક : ૮**

ફરિયાદી :– **શ્રી સરકાર**
(જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. 11213020250179)

**:વિરૂધ્ધ :**

આરોપી :– આયુષભાઈ રમેશભાઈ રાઠોડ, ઉ.વ.આ. ૨૦,
રહે.શાપર, શાંતીધામ, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ.
મૂળ રહે. મારડ, તા. ધોરાજી, જી. રાજકોટ.

..........................................................................................

**ગુન્હો – ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૨૮૧ મુજબ.**

..........................................................................................

**(૧)** આજરોજ નામદાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ રાજકોટના પત્રના અનુસંધાને આજરોજ યોજવામાં આવેલ લોકઅદાલત ના દિવસે સ્પેશ્યલ સીટીંગ પણ યોજવામાં આવેલ છે અને તે અન્વયે હાલનો કેસ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં ન્યાયીક નિર્ણય માટે હાથ પર લેવામાં આવે છે.

**(૨)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૨૬–૦૪–૨૦૨૫ ના રોજ આ કામના આરોપી પોતાના હવાલાવાળુ હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ જેના રજીસ્ટ્રેશન નંબર નંબર GJ-05-GE-4144 વાળુ પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને બેફીકરાઈ, ગફલતભરી રીતે ચલાવી મળી આવી ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૨૮૧ મુજબનો ગુનો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર 11213020250179 થી તારીખ ૨૬–૦૪–૨૦૨૫ ના રોજ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ અને ત્યારબાદ સંબંધીત તપાસ કરનાર અમલદારે આગળની જરૂરી કાર્યવાહી કરી પુરાવા એકઠા કરી આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૨૮૧ મુજબ ચાર્જસીટ દાખલ કરેલ છે.

**(૩)** આરોપી સામે ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે. આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા પ્રોસેસ કાઢતા તે આરોપીને બજતા આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે. આરોપીનો **આંક–૦૬** થી નિવેદન લેતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. તેમજ આ કામે **આંક–૦૭** થી ગુના કબુલાત પુરસીસ રજુ કરી તેમજ આરોપીએ સ્વેચ્છીક ગુના કબુલાત પુરસીસ આપેલ છે અને જણાવેલ

છે કે આ તેમનો પ્રથમ ગુનો છે અને તેના કુટુંબની જવાબદારી તેના શીરે છે. હાલના ગુના સબબ તેઓને પસ્તાવો થાય છે અને તેઓ દીલગીરી વ્યકત કેરલ છે અને ભવિષ્યમા આવા પ્રકારનુ કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાતરી આપે છે અને હાલના ગુનાના કામે તેઓની ઉપર દયા રાખવાની અરજ ગુજારેલ છે.

(૪) આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થીક સ્થિતી અને આરોપીની સ્વેચ્છીક કબુલાત તથા ફરીથી આવો ગુનો નહી કરવાની ખાતરી ધ્યાને રાખતા નામદાર ગુજરાત વડી અદાલતનો **સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર** નો ચુકાદો ધ્યાને લેતા આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય, આરોપીની કબુલાતને ધ્યાને લેતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧) આ કામના આરોપી આયુષભાઈ રમેશભાઈ રાઠોડ, ઉ.વ.આ. ૨૦, રહે.શાપર, શાંતીધામ, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ. મૂળ રહે. મારડ, તા. ધોરાજી, જી. રાજકોટ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ હેઠળ ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૨૮૧ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીને ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૨૮૧ મુજબના ગુનાના કામે રૂા. ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો) પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન –૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ ૧૪–૦૩–૨૦૨૬ ના રોજ યોજાયેલ નેશનલ લોક–અદાલતના દિવસે સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો**

તારીખ : ૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : જામકંડોરણા.

Sd/-
**આકાશ પ્રમોદ વર્મા**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામકંડોરણા.
જજ કોડ–૦૧૭૦૭